સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ નવેંમ્બર - ૨૦૨૫

સંપાદક : મધુસૂદન દેસાઈ
મો. : ૯૮૨૧૨૮૬૯૧૪

માત્ર સભ્યો માટે

# જય અનાવિલ

પી.ડી.એફ. ફોરમેટ
પી.ડી.એફ. ફોરમેટ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-



# સત્યનારાયણ કથાનો અહેવાલ





રવિવાર તા.૧૨.૧૦.૨૫ના રોજ બપોરે ૩ વાગ્યે સત્યનારાયણ કથાનું આયોજન સમાજના કાર્યાલય અંધેરી પૂર્વ મુકામે યોજેલ હતું. કથા વાચક મહેન્દ્રભાઈ, સમાજના પ્રમુખ શરદભાઈ, એમના પત્ની પદ્મિનીબેન કથામાં યજમાન પદે બિરાજમાન હતા. સમાજના ટ્રસ્ટીઓ કિરણભાઈ, અજીતભાઈ, બીપીનભાઈ તથા સેક્રેટરી અમીતભાઈ, સહમંત્રઈ મધુસૂદનભાઈ, ખજાનચી



રાજનભાઈ, પ્રીતિબેન, ગીતાબેન, નીનાબેન, પુનમબેન, જિગીષાબેન, ગૌતમભાઈ, રિદ્ધિબેન, વિજયભાઈ ભાસ્કરભાઈ, સુશિલભાઈ, નિલેશભાઈ તથા અન્ય જ્ઞાતિજનો હાજર હતા.





# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ


સમાજના દાતાઓ, શુભચ્છકો, સભ્યો, જ્ઞાતિજનોને વિનંતી છે  કે ટૂંક સમયમાં અંધેરી પૂર્વમાં આવેલ મગન મહાલ જેમા સમાજનું કાર્યલય પણ છે એ રીટેવલોપમેન્ટમાં જવાનું હોવાથી આપણને ૧૫૦૦ કાર્પેટ એરિયા મળે છે અને બીજો વધારાનો ૧૫૦૦ કાર્પેટ એરિયા લેવાનો છે. જેની કિંમત ૬ કરોડ રૂપિયા છે.

આફણે ૫૦૦ ફૂટ એરિયાની ઓફિસ અને ૩૨ વિદ્યાર્થીઓનો ૧૬ રૂમમાં સમાવેશ કરી શકાય એવો પ્રોજેક્ટ બનાવી રહ્યા છે. સૌને આ પ્રોજેક્ટમાં તન મન ધનથી સાથ સહકાર આપવા વિનંતી. આના  અનુસંધાનમાં અંધેરી વેસ્ટ નિવાસી શ્રીમતી પદ્માબેન રમેશભાઈ વશી રૂપિયા ૨ લાખનું દાન બિંલ્ડીગ ફંડ અને રૂપિયા ૨ લાખનું દાન વિધવા સહાયમાં આપ્યું છે. આવી જ રીતે અન્ય જ્ઞાતિજનો પણ એનું અનુકરણ કરી સમાજને પ્રોત્સાહન આપે એવી અપેક્ષા.

નોંધ : આ પ્રોજેકટમાં મુખ્યત્વે ટ્રસ્ટી કિરણભાઈ, પ્રમુખ શરદભાઈ તથા અન્યો ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, કારોબારી સભ્યો ખુબ જ રસ લઈ રહ્યાં છે. આ હોસ્ટેલ પ્રોજેકટ માં દાન માટે સમાજના કાર્યાલય મો.૯૧૩૭૧૨૧૬૭૮ અથવા મધુસૂદન દેસાઈના મો.નં.૯૮૨૧૨૮૬૯૧૪ પર સંપર્ક કરવો.

લી. મધુસૂદન દેસાઈ – સહમંત્રી

## અભિનંદન



શ્રીમતી મનીષા તથા દેવેન્દ્ર યશવંતરાય દેસાઈ (ખરસાડકર) ની પુત્રવધૂ ભૂમિકા રોનક દેસાઈ ની સિન્ડલર એલિવેટર કંપની તરફથી ચીફ ફાઈનાશીયલ ઓફિસરના પદ પર બેન્કોક ખાતે નિયુકત કરવામાં આવ્યાં છે. તેઓ થાઈલેન્ડ અને કમ્બોડિયા ના ફાઈનાન્શિયલ હેડ તરીકે ફરજ નિભાવશે.

# <u>ગયા અંકનો સુધારો</u>

ચિ. ધૈર્ય તે ચૈતાલી પાર્થેશભાઈ દેસાઈ, હાલ દુબઈ ના સુપુત્ર અને કાર્યવાહક સમિતિના સભ્ય શ્રીમતી ગીતાબેન બિપીનચંદ્ર નાયકના દોહિત્ર થાય


## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ




આ ૩ ટ્રોફીઓ આપણને શેરી ગરબા સ્પર્ધામાં (ફરતા ગરબા, બેઠા ગરબા, ૩ જુ ઇનામ વિજેતા માટે) અનાવિલ સહિયર.

સખા, અડાજણ સુરત તરફથી મળી છે. એમાં મુખ્યત્વે મીનાક્ષીબેન, ગીતા બેન, પ્રીતિબેન, નીનાબેન તથા અન્ય ભાગ લેનાર બેનો/ભાઈઓ ના સખત પરિશ્રમથી તથા એમને ટેકો આપનારા કિરણભાઈ, અજીતભાઈ, બીપીનભાઈ, રાજનભાઈ, દિલીપભાઈ તથા અન્યોનો સિંહફાળો છે.

## Blood Group




## અભિનંદન

Vatsal Bimple Desai has passed the CA final exam.He is the grandson of Girishbhai Ji Nayak (ex B O B), Dattnagar, Civil Road, Valsad. Hearty congratulations Vatsal.

## અભિનંદન



આજરોજ વલસાડ જિલ્લા ક્રોંગેસ કાર્યાલય ખાતે વલસાડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી પ્રકાશભાઈ મોહનભાઈ પટેલના પ્રમુખ સ્થાને મિટીંગ રાખવામાં આવી, જેમાં મોજ સરોણ ગામના શ્રી જય દિલીપભાઈ દેસાઈની વલસાડ તાલુકા કોંગેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

# CONGRATULATIONS




Mrs Parul Naik has (@ the age of 59 years) successfully completed Mount Everest Base camp 17598 feet height (5364 meters) She is wife of Rajendra Ramanlal Maganlal Naik She is from Village Tighra, Ta.Pardi It is proud moment for her & her Family.

## Advertisement for Vacancy in Hostel :

Hostel facilities for students, irrespective of Cast & creed is available at

- Chitrakut CHS Ltd., Kandivali (East) - (2 Girls Students) (Preferably gtom January 2026)
- Vikram CHS Ltd., Kandivali (East) - (5 Boys Students)

Interested students are required to Contact Mrs. Poonam Desai on Mobile No. 9137121678 during office hrs.

## સમાજ ના બેન્ક ખાતાની વિગત

### ટ્રસ્ટનું નામ – શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

**ફોરેન ના દાતાઓ માટે**
**બેંક એકાઉંટસની વીગત**
**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
ન્યુ દીલ્હી મેઈન બ્રાન્ચ (કોડ ૦૦૬૯૧)
PURPOSE CODE : P1303
૧૧, પાર્લામેન્ટ સ્ટ્રીટ, ન્યુ દીલ્હી
એનસીટી ઓફ દીલ્હી – ૧૧૦૦૦૧.
એકાઉન્ટ નં. ૪૦૨૩૪૯૫૧૪૭૪,
આઈએફએસસી કોડ : SBIN0000691
SWIFT : SBININBB104

**બેંક એકાઉન્ટ :**
**બેંક ઓફ ઇડિયા**
એસ.એસ.આઈ. અંધેરી,
મથુરીયા એપાર્ટમેન્ટ,
૪૯ સર એમ.વી.રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ–૪૦૦૦૬૯.
બચત ખાતા નં. ૦૦૯૦૧૦૧૦૦૦૦૫૪૧૪
આઈ.એફ.એસ.સી.: બીકેઆઈડી૦૦૦૦૦૯૦

# અનાવિલ દેસાઈ, અનાવિલ ની કલમે

## અનાવિલ ( દેસાઈ ) સમાજનો પરિચય દેસાઈની કલમે...

### હા અમે અનાવલા એટલે અનાવિલ બ્રાહ્મણ દેસાઈ

દેસાઈ, નાયક , વશી ,મહેતા કહો કે ભાઠલા ... બાર ગામે બોલી બદલાય ખરી એટલે તમને થોડા અલગ દેખાય ..

અનાવિલ (દેસાઈ) સમાજનો પરીચય - ખાસ કરીને ખામીઓ પણ ઘણી એને ખુબીઓ પણખરી ..ખામીમા મહત્વની એ કે નો કોમ્પરોમાઈઝ .. નહી તો મોરારજી દેસાઈ ૧૭ મહીના નહી ૧૭ વર્ષ વડાપ્રધાન રહયા હોત ને આજે ભારત ની પ્રગતી કંઈક અલગ જ હોત પરંતુ અમારો મુળભુત જકકી સ્વભાવ

#### ■ સિદ્ધાંત મા જરા પણ બાંધછોડ નહી !

વાપીથી તાપી અથવા કહોકે ઉમરગામથી કોસંબા સુધી વિસ્તરેલા અનાવિલો, હવે વિશ્વના દરેક ખુણે પથરાયેલા છે.

અપરિચિત રહેવું- મોડાં લગ્નો અને એક કે તેથી ઓછા બાળકો ધરાવતા અનાવિલો ધીરે ધીરે કુલ બે લાખથી પણ ઓછી વસ્તી વિશ્વમાં ધરાવે છે. અમારો ઈતિહાસ રામ ભગવાન થી જોડાયેલો છે , જયારે ભગવાન રામ અને સીતાજી , લક્ષ્મણજી , રાવણ વધ કરી ને અયોધ્યા પાછા ફરી રહયા હતા તે સમયે દક્ષિણ ગુજરાતના અનાવલ (ત્યારે અનાદિપુર તરીકે પ્રખ્યાત) ખાતે રાવણ જેવા બ્રાહ્મણના વધના પ્રાયશ્ચિત માટે પાપ ધોવા માટે મહાયજ્ઞ કરવાની જરૂર પડી ત્યારે હનુમાનજી અમારા પૂર્વજોને અયોધ્યાથી અનાવલ લાવ્યા હતા ત્યારથી અજાચક બ્રાહ્મણો કે અનાવિલ તરીકે ઓળખાઈએ છીએ એટલે કે અમોનો કર્મકાંડ કરવાનો અધિકાર નથી .. હકીકતમાં, અમો અખંડ ભારતના મધ્યમાથી આવેલા આર્યો છીએ જે પાછળથી અયોધ્યામા સ્થાયી થયા .

> “ અનાવિલ કોમ જાહેર કોમ મનાય છે. સ્વતંત્રતા એ એમનો મુદ્રાલેખ છે. બુદ્ધી, શૌર્ય, સાહસ એમના જ ગુણો છે, જે કામ હાથમાં લીધું હોય, તેને તે પાર પાડીને જ રહે છે.”

બિહારના મગધ રાજયના રાજયકર્તા તરીકે પણ અમારા પૂર્વજો ઓળખાયા છે. અનાવિલ રાજા પુત્રક નાગકન્યા પાટલી સાથે લગ્ન કર્યા પછી રાજધાની તરીકે પાટલીપુત્રક શહેર વસાવે છે જે આજે પટના તરીકે ઓળખાય છે. બુદ્ધિશાળી નેતા ચાણકય ઉર્ફે કૌટિલ્ય પણ અનાવિલ હોવાનું મનાય છે.

અનાવલ રાજ્ય જે વ્યારા, મહુવા, વાંસદા, અને ચીખલી તાલુકા સુધી વિસ્તરેલું હતું તેના રાજા અનાવિલ હતા. બૌદ્ધ ધર્મના લોકોને વૈદિક ધર્મ પ્રત્યે તિરસ્કાર હોવાથી તેમણે ભીલ લોકોનો સાથ લઈ વાંસિયાભીલ સાથે મળી યજ્ઞકાર્ય માં વ્યસ્ત હતા ત્યારે યુદ્ધમાં હરાવ્યા હતા. ૧૧૮૬ માં અનાવિલ રાજા સંમધર વશીએ પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહની મદદથી વાંસિયા ભીલને હરાવ્યો હતો (આજે વાસંદા સરકલનુ નામ વાસિયા સરકલ છે )પછી તેને રાજયમાં રસ ન હોવાથી રાજપૂત રાજાઓને સોપ્યું હતું જે વાંસદા રાજ્ય તરીકે ઓળખાતું હતું.જેમનો રાજવી પરીવાર આજે પણ વાસંદા મુકામે વારસાગત રહે છે .

#### ■ દેસાઈ હવેલી વાપી

અમારા પૂર્વજોને મરાઠી પેશ્વાઓએ વહીવટકર્તા તરીકે અનાવલ થી પારડી તાલુકામા લઈ આવેલા અને પારડી તાલુકા ની બિન ઉપજાવ જમીન ને ઉપજાવ બનાવી આમારા પૂર્વજો જમીનદાર બનેલા .. પારડી તાલુકાનો લગભગ મોટા ભાગનો વિસ્તાર અનાવિલ અને જૈન જમીનદારો પાસે હતો . વહીવટકર્તા તરીકે વાપીમા અમારા પૂર્વજોને હવેલી બંધાવી આપેલી , અને આખા તાલુકાનો કર ઊઘરાવી પુના ભરવાનો રહેતો ..મરાઠાઓને પોર્ટુગીઝો સાથે દુશ્મનાવટ હતી અને પેશવા ઓના વહીવટકર્તા તરીકે અમારા પૂર્વજો પર હુમલો પોંર્ટુગીઝો કરે તો અમારા રક્ષણ માટે અમોને એક લશ્કર પણ આપવામા આવેલુ , જે હવેલી આજે દેસાઈ વાડ , વાપીમા દેસાઈ હવેલી તરીકે ઊભેલી છે , જેમા ત્રણ મકાનો પૈકી વચ્ચેના મકાનમાંથી શરુ થતી એક સુરંગ બનાવવા માં આવેલી જે સીધી આજે બગવાડા ટોલ પ્લાઝા પાસે આવેલા બગવાડાના ડુંગર પર નીકળતી ..જો પોર્ટુગીઝો હુમલો કરે તો અમારુ કુટુંબ સહીસલામત ઉઘરાવેલ કરવેરા સહીતની કીંમતી વસ્તુઓ લઈ સુરંગ મારફત બગવાડાના ડુંગર પર પહોંચી શકે એને ડુંગર પર ખાવાપીવા ની તમામ સામગ્રી ઊપલબ્ધ રાખવામા આવતી.પરંતુ જે સમયે અંગ્રેજો એ રેલવે લાઈન નાખી તે સમયે આ સુરંગ ખંડીત થઈ ગઈ ને સુરંગ મા જવાના રસ્તા ઓ પુરાઈ ગયા .. કમનસીબ છે કે આ ઈમારત ને હેરીટેઝ જાહેર કરાવવામા સક્ષમ અનાવલા નાકામયાબ રહયા..

#### ■ સતીમાતા મંદિર ગણદેવી

ગણદેવીના ૪૦૦ વર્ષથી પ્રખ્યાત અનંત વશી પરિવારના ગોપાળજી દેસાઈના પુત્રી ઈચ્છાબેને એમના પતિના મૃત્યુબાદ તેમની ચિતા ઉપર બેસી અગ્નિસ્નાન કર્યું હતું. સતી બન્યા છે અનાવિલ સમાજના ગણદેવી ના દેસાઈજી પરિવારે એકમાત્ર સતીની યાદમાં એક મંદિર બનાવ્યું છે તેમના પરિવારની ટેકરી ઉપર તળાવ કિનારે ગણદેવી ચાર રસ્તા ખાતે એમને યાદ કરીને પ્રણામ-સન્માન પાઠવવા દર વર્ષે કાળીચૌદશે ત્યાં મેળો ભરાય છે.

#### ■ મામાદેવ મંદિર, પૂણી

ધાડપાડુઓથી બહેનને બચાવવા અને ચોરોને લુંટતા રોકવા પૂણી ખાતે યુવાઓની મદદથી અનાવિલે ધાડપાડુઓનો સફળ સામનો કરી બહેનને લુંટાતી બચાવી હતી પણ ભાઈ આ પ્રસંગે મૃત્યુ પામ્યો હતો. તેની યાદમાં પૂણી ખાતે આ મામાદેવ મંદિર આવેલ છે.

#### ■ સુરત

તમને જાણીને નવાઈ લાગશે પણ સુરતમાં પણ અનાવિલો જ છવાયેલા હતા. મોટાભાગની સુરતની જમીન અનાવિલોની માલીકીની હતી. તેમણે અનાવિલ વસ્તીવાળા ફળિયાઓ જેને પરાં કહેતા તે વસાવ્યા હતા.

#### ■ અનાવિલ નામ જમીન પરાનું નામ

૧) સગરામ વશી ૨૦ એકર સગરામપુરા, ૨ ) રઘુનાથ ઉર્ફે રઘનાથ ૪૬ એકર રઘુનાથપુરા, ૩) રામભાઈ ૪૭ એકર રામપરા, ૪) હરિભાઈ હરિપુરા, ૫) રૂદ્રજી રુદ્રપુરા, ૬ ) મહિધર ૫૭ એકર મહિધરપુરા, ૭ ) સામજી સામપરા, ૮) ગોપી નાયક ગોપીપુરા, ૯ ) ઈંદરજી ૨૫ એકર ઈંદરપુરા

અનાવિલો રાજયમાં સત્તા અને ધનવાળા હોવાથી ઉપરાંત અજાચક એટલે કે પૈસા ન લેનાર હોવાથી બાદશાહ કહેવાતા.

#### ■ મહાનુભાવો

અનાવિલ સમાજના અનાવિલ મહાનુભાવો , મોરારજીભાઈ દેસાઈ, ભૂલાભાઈ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ અને ડી.એ.દેસાઈ વગેરે ..

#### ■ અનાવિલ સમાજના વારસાગત લક્ષણો

હોંશિયાર , ખુલ્લા દિલના ,આનંદી પણ ખરા, વૈભવી જીવન ચાહકો, નેતાના ગુણો પણ ખરા અને વહીવટકર્તા તો ખરા જ

આ બધા સાથે બે મુખ્ય લક્ષણો પણ ખરા જેમાથી આજની પેઢી સમજી વિચારી ને પ્રેકિટકલ થઈ ગઈ છે અને આપવડાઈ અને હમ સચ્ચાઈ.

#### ■ આપવડાઈ

આપડવાઈ એટલે હું સર્વશ્રેષ્ઠ એટલું જ નહિ, મારાથી વધારે ઊંચાઈએ કોઈ નહિ, દુનિયામાં સૌથી મહાન એટલે હું એવી વિચારધારા થી અલીપ્ત થઈ સમય સાથે કદમ મિલાવતી થઈ છે

અનાવિલના આ લક્ષણે દેસાઈઓની એકતાને રોકી હતી જેમા સુધારા થઈ રહયા છે પરંતુ હજી પણ મુળ સ્વભાવ તો ઘણીવખત આવી જ જાય છે જેમકે

#### ■ હમ સચ્ચાઈ

હું જે કહું તે જ સાચ્ચું કોઈ વાદવિવાદ નહિ. હું કહું તેમ જ કરો એવો આગ્રહ તે હમ સચ્ચાઈ. હવેના બદલાતા સમયમાં સામે વાળા ને સાંભળવા પણ પડે અને સમજવા પણ પડે એ હવે આજની અનાવિલ સમાજની પેઢી સમજી રહી છે અને પ્રગતિ કરી રહી છે એ આવકાર્ય છે.

# સમય નથી...?

બાર કલાકની મુસાફરી ચાર કલાક થઇ ગઈ છે, છતાં એક માણસ કહે છે – સમય નથી બાર લોકોનો પરિવાર બે લોકો સુધી ઘટી ગયો છે, છતાં એક માણસ કહે છે–સમય નથી. ચાર અઠવાડિયા લાગતો સંદેશ હવે ચાર સેકન્ટમાં મળે છે છતાં એક માણસ કહે છે – સમય નથી. ક્યારેક દૂરના વ્યક્તિના ચહેરો જોવામાં એક વર્ષ લાગતું હતું, આજે તે સેકન્ટમાં દેખાય છે – છતાં એક માણસ કહે છે – સમય નથી. એક માણસ જે કલાકો સુધી બેંકની કતારમાં રાહ જોતો હતો, તે હવે સેકન્ડમાં પોતાના મોબાઈલ પર વ્યવહારો કરે છે છતાં એક માણસ કહે છે – સમય નથી. સ્વાસ્થ્ય તપાસ જે પહેલા અઠવાડિયા લાગતી હતી તે હવે કલાકોમાં થાય છે છતાં એક માણસ કહે છે – સમય નથી.

જ્યારે હાથમાં હેન્ડલ અને બીજા હાથમાં મોબાઈલ રાખીને એક્ટિવા ચલાવીએ છીએ, કારણ કે તેને રોકાઈને વાત કરવી પડે છે સમય નથી જ્યારે ટ્રાફિક જામ હોય છે, ત્યારે આપણે બે લેન ક્રોસ કરીએ છીએ અને ત્રીજો લેન બનાવીએ છીએ, કારણ કે સમય નથી પુસ્તક વાંચવાનો સમય નથી આપણા માતાપિતાને ફોન કરવનો સમય નથી પ્રકૃત્તિનો આનંદ માણવાનો સમય નથી પરંતુ આઈપીએલ માટે સમય છે નેટફ્લિક્સ માટે સમય છે રીલ્સ માટે સમય છે રાજકારણની ચર્ચા કરવાનો સમય છે પરંતુ પોતાના માટે સમય નથી દુનિયા સરળ બની ગઈ છે, ગતિ વધી છે, ટેકનોલાજી નજીક આવી ગઈ છે, અંતર અદ્દશ્ય થઇ ગયા છે, સગવડતાઓ વધી છે, તકો વધી છે... પરંતુ માણસ સમય નથી કહીને પોતાને દૂર કરી દીધા છે. શાંતિથી બેસીને પોતાની જાત સાથે વાત કરવા માટે, પોતાને સમજવા માટે, અથવા ફક્ત થોડી ક્ષણો માટે હસવા માટે... ત્યાં પણ સમય નથી અને પછી એક દિવસ સમય પસાર થઇ જાય છે, છેલ્લી ક્ષણો આપણને ખ્યાલ આવે છે – સમય હતો.. પણ આપણી પાસે સમય નથી એ કહીને, હું જીવવાનું ભૂલી ગયો. તો આજે તે નક્કી કરો– થોડો સમય પોતાના માટે અનામત રાખો, સંબંધો માટે થોડો સમય આપો, થોડો સમય સત્સંગ, ભદન, ભક્તિ માટે આપો. સારા મિત્રોનો સંગ રાખો. કારણ કે કોઈ સમય સાચો નથી. તે ફક્ત એક આદત બની ગઈ છે, અને... તેને બદલવાની જરૂર છે...

# Switzerland of Maharashtra

Bhandardara is a holiday resort village near lagtpuri, in the Western Ghats of India. The village is located in the Akole tehsil, Ahmednagar district of the state of Maharashtra, about 185 kilometers (115 mi) from Mumbai, 155 kilometers (96 mi) from Ahmednagar and 73 kilometers (45 mi) from Nashik.

Bhandardara sits by the Pravara River, and the natural environment, watefalls, and mountains are notable tourist attractions. Bhandardara attractions include Wilson Dam a Arthur Lake.

There are ‘a number of historic and natural place of interest near the dam. From Bhandardara, visitors can climb up to see the Ratangad and Harishchandragad forts. Visitors can also followed the trails that lead to Ajoba and Ghanchakkar peaks. The highest peak in Maharashtra, Mountain Kalsubai is 1646 m, and the starting point for the trek is Bari Village, located 12 km away from Bhandardara.

## નમ્ર નિવેદન





પ્રિય અનાવીલ મિત્રો, આપણા તરફથી હજુ સુધી જે ફાઈનાન્સ નોં સહકાર મળ્યો છે એ બદલ ખુબ ખુબ આભાર. પરંતુ હજુ પણ લીવરની માંદગી લાબી ચાલે એવી પરિસ્થિતીમાં હોવાથી જો આપના સગા સંબંધી મિત્રો પાસેથી સહકાર મળે એવી આશા સાથે વિનંતી.

અશોક દેસાઈ – ૯૫૩૭૦૭૩૨૫૧ (જી–પે)

# લગ્નસંબંધી

## BIO DATA

| | |
|---|---|
| NAME | : Yash Rajesh Desai |
| DATE OF BIRTH | : 15-10-1996 |
| TIME | : 04:14 PM |
| PLACE OF BIRTH | : Mumbai |
| HEIGHT | : 05’ 11” |
| EDUCATION | : B. Com., LL.B., LL.M. (Financial Regulations) from NMIMS, Mumbai. |
| OCCUPATION | : Legal Profession (Senior Associate with Vidhigya Associates, Advocates, Mumbai). |
| FATHER’S NAME | : Rajesh Sumantray Desai (Advocate) |
| MOTHER’S NAME | : Kalpana Rajesh Desai (Housemaker) |
| SIBLINGS | : None |
| ADDRESS | : 601, Akanksha CHS Ltd., Opp. South Indian Bank, S. V. P. Road, Borivali (West), Mumbai - 400 103. |
| NATIVE | : Andhal |
| MOSAL | : Valsad |
| CONTACT | : Rajesh Sumantray Desai (Father) - 9820989544.<br>Kalpana Rajesh Desai (Mother) - 9619376467.<br>Bhaskar Desai (Mama) - 8369534406.<br>Ajit Desai (Masa) - 9322102642. |

# અવસાન



| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| વડોદરા/સુરત | મહાદેવભાઈ ધીરૂભાઈ દેસાઈ | ૨૨.૦૯.૨૫ |
| ખડકી ભાગડા/કાંદીવલી | મિહિર ભૂપેશભાઈ દેસાઈ | ૦૧.૧૦.૨૫ |
| સિસોદ્રા | મગનભાઈ નીછાભાઈ નાયક | ૦૨.૧૦.૨૫ |
| ગણદેવી | અનસુયાબેન રવિન્દ્રભાઈ વશી | ૦૨.૧૦.૨૫ |
| તાતાથૈયા | અનસુયાબેન હસમુખભાઈ વશી | ૦૩.૧૦.૨૫ |
| વલસાડ અબ્રામા/સુરત | કૃષ્ણવદન નારણજી દેસાઈ | ૦૩.૧૦.૨૫ |
| સુપાગામ/અમેરીકા | અમ્રતભાઈ ભીમભાઈ નાયક | ૦૩.૧૦.૨૫ |
| નવસારી/કેનેડા | નીલાબેન ભરતભાઈ નાયક | ૦૩.૧૦.૨૫ |
| ચોમળગામ/નવસારી | બાબુભાઈ ભીખુભાઈ દેસાઈ | ૦૪.૧૦.૨૫ |
| વાંકલ | જયશ્રીબેન બિપીનભાઈ દેસાઈ | ૦૪.૧૦.૨૫ |
| દેગામ | કોકીલાબેન દિલીપભાઈ દેસાઈ | ૦૫.૧૦.૨૫ |
| ઉમરસાડી/અંધેરી | ભરતભાઈ ગુલાબભાઈ નાયક | ૦૬.૧૦.૨૫ |
| ઉંટડી | જ્યોતિબેન અનિલભાઈ દેસાઈ | ૦૬.૧૦.૨૫ |
| સાલેજ | રમણભાઈ ઝીણાભાઈ નાયક | ૦૬.૧૦.૨૫ |
| કસ્બા/નવસારી | કિશોરભાઈ નાનુભાઈ નાયક | ૦૬.૧૦.૨૫ |
| સુરત | હંસાબેન નરેન્દ્રભાઈ દેસાઈ | ૦૭.૧૦.૨૫ |
| કોથા/નવસારી | અરૂણાબેન પ્રમોદભાઈ દેસાઈ | ૦૭.૧૦.૨૫ |
| સાલેજ | સુમિત્રાબેન (કમુબેન) મગનલાલ નાયક | ૦૭.૧૦.૨૫ |
| ઉમરસાડી/પારડી | દિનેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ | ૦૮.૧૦.૨૫ |
| પલસાણા/વાપી | દક્ષાબેન મહેશકુમાર નાયક | ૦૮.૧૦.૨૫ |
| ધમડાછા | નાથુભાઈ ભીમભાઈ વશી | ૦૮.૧૦.૨૫ |
| વેગામ | હીનાબેન નલીનભાઈ નાયક | ૦૮.૧૦.૨૫ |
| વલસાડ અબ્રામા/ઉધના | ચંદ્રકાંત નાથુભાઈ દેસાઈ | ૦૯.૧૦.૨૫ |
| નવસારી | ગીતાબેન બીપીનચંદ્ર નાયક | ૦૯.૧૦.૨૫ |

| | | |
|---|---|---|
| નવસારી | કિરીટકુમાર બળવંતરાય દેસાઈ | ૦૯.૧૦.૨૫ |
| એંધલ | ભૂપેન્દ્રભાઈ ઠાકોરભાઈ નાયક | ૧૦.૧૦.૨૫ |
| વટાર/વાપી | વિજયભાઈ જયંતીલાલ દેસાઈ | ૧૧.૧૦.૨૫ |
| સોનવાડા/બોરીવલી | બળવંતરાય મોહનલાલ દેસાઈ | ૧૧.૧૦.૨૫ |
| ઉમરસાડી | સવિતાબેન પ્રાણુભાઈ દેસાઈ | ૧૨.૧૦.૨૫ |
| બુહારી | દિલીપભાઈ અંબેલાલ દેસાઈ | ૧૨.૧૦.૨૫ |
| પલસાણા/કાંદીવલી | આશાબેન (ઇન્દુબેન) નવીનચંદ્ર દેસાઈ | ૧૨.૧૦.૨૫ |
| ખરોલી | કિશોરચંદ્ર ધીરજલાલ દેસાઈ | ૧૨.૧૦.૨૫ |
| આખરી/કેનેડા | જશુમતી બાબુભાઈ નાયક | ૧૩.૧૦.૨૫ |
| આમરી | ભાવનાબેન ભરતભાઈ નાયક | ૧૩.૧૦.૨૫ |
| પારનેરા પારડી/વલસાડ | રૂપાબેન દિલીપભાઈ દેસાઈ | ૧૩.૧૦.૨૫ |
| સુરત | ભાનુમતિ રમેશચંદ્ર દેસાઈ | ૧૪.૧૦.૨૫ |
| ડુંગરી/અંધેરી | ઉદય શાંતિલાલ દેસાઈ | ૧૪.૧૦.૨૫ |
| પલસાણા/વલસાડ | ચેતનભાઈ મનુભાઈ નાયક | ૧૪.૧૦.૨૫ |
| બોરીવલી | ભાનુમતિબેન રમેશચંદ્ર દેસાઈ | ૧૪.૧૦.૨૫ |
| બીલીમોરા | હર્ષદરાય વસનજી દેસાઈ | ૧૪.૧૦.૨૫ |
| ઉમરસાડી/ગોરેગામ | કંચનબેન મનહરભાઈ દેસાઈ | ૧૫.૧૦.૨૫ |
| ઉમરસાડી/ટુકવાડા | અમરભાઈ (મુન્નો) બિપીનચંદ્ર દેસાઈ | ૧૫.૧૦.૨૫ |
| સુરત | નીલમબેન નયનભાઈ દેસાઈ | ૧૫.૧૦.૨૫ |
| આટ/નવસારી | સુરેશભાઈ બળવંતરાય શાંતિલાલ દેસાઈ | ૧૬.૧૦.૨૫ |
| ઉમરસાડી/પારડી | રંજનાબેન હસમુખભાઈ દેસાઈ | ૧૬.૧૦.૨૫ |
| નવસારી | હંસાબેન હસમુખભાઈ દેસાઈ | ૧૬.૧૦.૨૫ |
| મોતા/અમેરીકા | ડૉ. નાનુભાઈ લલ્લુભાઈ નાયક | ૧૬.૧૦.૨૫ |
| તલંગપુર | ધવલકુમાર કિશોરભાઈ વશી | ૧૭.૧૦.૨૫ |
| સુરત | અરૂણભાઈ મણીભાઈ દેસાઈ | ૧૯.૧૦.૨૫ |
| વટાર/વાપી | રંજબેન ઠાકોરભાઈ દેસાઈ | ૧૯.૧૦.૨૫ |
| બારડોલી | શાંતાબેન મોહનભાઈ દેસાઈ | ૨૯.૧૦.૨૫ |
| ધમડાછા/સાયણ | સુમિત્રાબેન જયંતીલાલ વશી | ૧૭.૧૦.૨૫ |
| કરવડ/વાપી | રમીલાબેન હીરૂભાઈ દેસાઈ | ૨૧.૧૦.૨૫ |

| | | |
|---|---|---|
| સરોધી/આધારટ્રસ્ટ | ઉર્મિલાબેન જયંતિલાલ પટેલ | ૨૧.૧૦.૨૫ |
| વિજલપોર/બોરીવલી | મનિષ મનુભાઈ નાયક | ૧૯.૧૦.૨૫ |
| સચીન | અશોકભાઈ ધીરૂભાઈ દેસાઈ | ૨૧.૧૦.૨૫ |
| નડોદ | સુરેખાબેન(ઇન્દુબેન) છગનલાલ વશી | ૨૩.૧૦.૨૫ |
| મંદિર | ઉર્મિલાબેન (સુધાબેન) નરેન્દ્રભાઈ નાયક | ૨૨.૧૦.૨૫ |
| બીલીમોરા | ઇન્દુબેન દેવેન્દ્રભાઈ દેસાઈ | ૨૪.૧૦.૨૫ |
| સામરાવાડી | મંજુલાબેન રમણલાલ નાયક | ૨૨.૧૦.૨૫ |
| પારનેરા પારડી | અતુલભાઈ હરિભાઈ દેસાઈ | ૨૨.૧૦.૨૫ |
| ધનોરી | વિનયચંદ્ર કેશવલાલ નાયક | ૨૩.૧૦.૨૫ |
| પરૂજણ/વલસાડ | મહેશભાઈ ડાહ્યાભાઈ દેસાઈ | ૨૬.૧૦.૨૫ |
| માંડવી/સુરત | જ્યોત્સનાબેન અરૂણભાઈ દેસાઈ | ૨૫.૧૦.૨૫ |
| નવસારી | મનહરભાઈ ધીરૂભાઈ દેસાઈ | ૨૫.૧૦.૨૫ |
| સુરત | ભાવિન રાજેન્દ્ર દેસાઈ | ૨૫.૧૦.૨૫ |
| દેલાડવા/અંધેરી | ધીરજલાલ નાગરજી દેસાઈ | ૨૬.૧૦.૨૫ |
| વલસાડ | દક્ષાબેન ભરતભાઈ દેસાઈ | ૨૫.૧૦.૨૫ |
| સુરત | પંકજભાઈ સુમતરાય દેસાઈ | ૨૬.૧૦.૨૫ |
| હાટડી/અમદેરા | કિરીટભાઈ મગનલાલ દેસાઈ | ૨૭.૧૦.૨૫ |
| ગણદેવી | હેમંતરાય (પપ્પુભાઈ) દયાળજી મહેતા | ૨૭.૧૦.૨૫ |
| ઉમરસાડી/વાપી | નવીનભાઈ રમણભાઈ દેસાઈ | ૨૭.૧૦.૨૫ |
| પીપલધરા/સુરત | રમણલાલ મકનજી મહેતા | ૨૭.૧૦.૨૫ |
| ઉટડી/વડોદરા | કિરીટભાઈ મગનલાલ દેસાઈ | ૨૭.૧૦.૨૫ |
| | (સદ્‌ગત ટ્રસ્ટી કિરણભાઈના નાના કાકા) | |
| કોસંબા/વલસાડ | ઉમેશભાઈ છોટુભાઈ દેસાઈ | ૨૯.૧૦.૨૫ |
| આસમા/સુરત | પ્રણવ (પિન્કેશ) અરૂણભાઈ દેસાઈ | ૨૯.૧૦.૨૫ |
| – | શાંતાબેન મોહનભાઈ દેસાઈ | ૨૯.૧૦.૨૫ |
| દેલાડવા | કાંતિલાલ (બાબુભાઈ) ધીરજલાલ દેસાઈ | ૩૦.૧૦.૨૫ |
| ટુકવાડા/વલસાડ | લતાબેન ઇશ્વરભાઈ દેસાઈ | ૩૦.૧૦.૨૫ |

# SHREE ANAVIL SAMAJ - MUMBAI

## Donations Received in the Month of Oct.-2025

## Cultural, Sanskrutik Programme Sharad Utsav

| DATE | NAME - PLACE | AMT |
|---|---|---|
| 01.10.25 | NITINKUMAR R. DESAI - ANDHERI | 21,000 |
| 05.10.25 | GAJENDRA DESAI - DADAR | 3,000 |
| 05.10.25 | HIMANSHU N. DESAI | 2500 |
| 05.10.25 | MAHADEV DESAI - VILE PARLE | 5,001 |
| 05.10.25 | AJIT R. DESAI - BORIVALI | 2,000 |
| 05.10.25 | PRAVINCHANDRA C. DESAI - ANDHERI | 2,100 |
| 05.10.25 | MALAV K. DESAI - ANDHERI | 7,000 |
| 01.11.25 | KIRAN H. DESAI - MAHIM | 10,000 |
| 05.10.25 | Received In Cheque & Online Total Below Rs.2000 | 7404.00 |
| | **RECEIVED IN CASH (Rs. 2,000 & ABOVE)** | |
| 05.10.25 | GAUTAM DESAI | 2,500 |
| 05.10.25 | DHAVAL KIRTI DESAI | 4,000 |
| 05.10.25 | BIPIN NAIK | 5,000 |
| 05,10,25 | WELL WISHER | 5,001 |
| 05.10.25 | NITIN JOSHI | 2,100 |
| 05.10.25 | MUKUND DESAI | 3,000 |
| 05.10.25 | MAHADEV V. DESAI | 2,000 |
| 05.10.25 | BHADRESH DESAI | 2,100 |
| 05.10.25 | NIRAV DESAI | 2,000 |
| 05.10.25 | AMIT DESAI | 2,600 |
| 05.10.25 | Received In Cheque & Online Total Below Rs. 2000 | 47,005 |
| | **SHARI GARBA** | |
| 16.10.25 | ALPESH K. DESAI - SANTRACRUZ (Through Shri. Madhusudan Desai) | 5,000 |
| | **CULTURAL / SANSKRITIK PROGRAM SATYANARAYAN KATHA** | |
| 12.10.25 | SHARAD J. DESAI - MULUND (E) | 10,001 |
| 12.10.25 | RECEIVED CASH TOTAL-BELOW Rs.2000 | 1,500 |
| | **LAND & BUILDING FUND** | |
| 10.10.25 | SANJAY N. MEHTA - VILE PARLE | 1,00.000 |

| | | | |
|---|---|---|---|
| 28.10.25 | PADMA R. VASHI - ANDHERI<br>(Through Madhusudan Desai) | | 2,00,000 |
| 05.10.25 | BHAVANA D. DESAI - ANDHERI | | 5,000 |
| | **EDUCTION AID** | | |
| 05.10.25 | VEENA PIYUSH DESAI -<br>ON MEMORY OF INDUMATI DESAI | | 5,000 |
| 05.10.25 | NITI A. DESAI | | 11,000 |
| | **MEDICAL AID** | | |
| 05.10.25 | KRUNAL ROHIT DESAI - VILE PARLE &<br>ROHIT GUNVANT DESAI - VILE PARLE | | 25,000 |
| 10.10.25 | BHARTI A. DESAI - VILE PARLE<br>(Through Madhusudan Desai) | | 5,000 |
| | **JAI ANAVIL ADVT.** | | |
| 03.10.25 | NEVIL DEVANG DESAI - VILE PARLE<br>DIFCO INVESTMENT FOR BANNER AT PROG | | 10,000 |
| 07.10.25 | PARIMAL B. JANI | | 1,000 |
| 30.10.25 | YASH RAJESH DESAI | | 1,000 |
| | **PANCHANG** | | |
| 10.10.25 | VIJAY DESAI & SHEELA V. DESAI - VILEPARLE | | 10,000 |
| 17.10.25 | SION FINANCE & LEASING PVT.LTD.-SION | | 5,000 |
| | **LIFE MEMBERS** | | |
| 05.10.25 | PARTH DESAI | LM - 4304 | 1,000 |
| 05.10.25 | MAHESH G. DESAI | LM- 4305 | 1,000 |
| 05.10.25 | MAHESHWARI K. NAIK | LM-4306 | 1,000 |
| 05.10.25 | AMIT V. DESAI | LM-4307 | 1,0000 |
| 05.10.25 | HITESH THAKORBHAI NAIK | LM-4308 | 1,000 |
| | **ASAHAY MAHILA SAHAY AID** | | |
| 03.10.25 | PRAVINCHANDRA L. DESAI-BORIVALI | | 6,000.00 |
| 10.10.25 | BHARTI A. DESAI - VILE PARLE<br>(Through Madhusudan Desai) | | 5,000 |
| 28.10.25 | PADMA R. VASI - ANDHERI<br>(Through Madhusudan Desai) | | 2,00,000 |

**SHREE ANVIL SAMAJ - MUMBAI - JAI ANAVIL**

**NOV 2025 - BENEFICIARIES FOR SEPT & OCT 2025**

| | | |
|---|---|---|
| **03.10.25** | **Asahay Mahila Sahay Aid<br>Disbursed to 282 Woman** | **7,76,200** |

**- Rajenkumar Desai (Treasurer)**

# તા. ૦૬.૧૧.૨૦૨૫ થી તા. ૦૪.૧૨.૨૦૨૫ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૨ | નવેમ્બર ૨૦૨૫

* શુભ દિવસ

ૐ ઐં હ્રીં શ્રીં ક્લીં

શુભ લાભ

## કારતક વદ

સૂ.ઉ.૦૬.૪૨ | શ્રી મંગલમ્ | સૂ.અ.૧૮.૦૨

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | |
|---|---|---|---|---|
| ૧ | ગુરૂ | ૬ | કૃતિકા | મંગળ પશ્ચિમાસ્ત, સૂર્ય વિશાખામાં ૧૪.૫૩ (ચંદ્ર-વૃષભ : ૧૧.૪૮) |
| *૨ | શુક્ર | ૭ | રોહિણી | – |
| ૩ | શનિ | ૮ | મૃગ. | ચતુર્થી ક્ષય તિથિ, સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૦.૪૧ (ચંદ્ર-મિથુન : ૧૧.૧૭) |
| ૫ | રવિ | ૯ | આર્દ્રા | બુધ વક્રી ૨૪.૩૩ |
| *૬ | સોમ | ૧૦ | પુન. | શ્રી ડોંગરેજી મહારાજ પુણ્ય તિથિ (ચંદ્ર-કર્ક : ૧૩.૦૬) |
| ૭ | મંગળ | ૧૧ | પુષ્ય | ગુરૂ વક્રી ૨૨.૧૩ |
| ૮ | બુધ | ૧૨ | આશ્લેષા | કાલાષ્ટમી, કાલભૈરવ જયંતી, વૈધૃતિ મહાપાત ૪.૪૭ થી ૯.૩૨ (ચંદ્ર-સિંહ : ૧૮.૩૭) |
| ૯ | ગુરૂ | ૧૩ | મઘા | કાનજી અનલા નવમી |
| ૧૦ | શુક્ર | ૧૪ | પૂ. ફા. | બાલદિન, બુધ પશ્ચિમાસ્ત (ચંદ્ર-કન્યા : ૨૭.૫૩) |
| ૧૧ | શનિ | ૧૫ | ઉ. ફા. | ઉત્પત્તિ એકાદશી (બદામ), આણંદી યાત્રા |
| ૧૨ | રવિ | ૧૬ | હસ્ત | શ્રી નવનીતપ્રિયાજીનો ઉ., અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૨૬.૧૧, સંક્રાંતિ પુણ્ય. ૧૩.૩૮ સુધી, મહાલય સ. |
| ૧૩ | સોમ | ૧૭ | ચિત્રા | સોમ પ્રદોષ, ત્રયોદશી વૃદ્ધિ તિથિ (ચંદ્ર-તુલા : ૧૫.૩૬) |
| ૧૩ | મંગળ | ૧૮ | સ્વાતિ | શિવરાત્રિ, સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પુ.તિ. |
| ૧૪ | બુધ | ૧૯ | સ્વાતિ | દર્શ અમાવસ્યા, શ્રી રંગ અવધૂત પુ.તિ. (નારેશ્વર), સૂર્ય અનુરાધામાં ૨૦.૫૬, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૨૮.૧૫) |
| ૩૦ | ગુરૂ | ૨૦ | વિશાખા | વિંછુડો |
| *૧ | શુક્ર | ૨૧ | અનુરાધા | ચંદ્ર દર્શન, વિંછુડો |
| ૨ | શનિ | ૨૨ | જ્યેષ્ઠા | સૂર્ય ધનમાં ૭.૦૭, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૧૬.૪૭) |
| *૩ | રવિ | ૨૩ | મૂળ | બુધ વક્રી તુલામાં ૨૦.૨૯ |
| ૪ | સોમ | ૨૪ | પૂ. ષા. | વિનાયક ચતુર્થી (ચંદ્ર-મકર : ૨૮.૨૮) |
| ૫ | મંગળ | ૨૫ | ઉ. ષા. | બુધ પૂર્વોદય |
| *૬ | બુધ | ૨૬ | શ્રવણ | ચંપા / સ્કંદ ષષ્ઠી, અન્નપૂર્ણા વ્રત પ્રા., વ્યતિપાત મહાપાત ૫.૨૫ થી ૧૧.૧૨, શુક્ર વૃશ્ચિકમાં ૧૧.૨૩ |
| *૭ | ગુરૂ | ૨૭ | ધનિષ્ઠા | મિત્ર સપ્તમી, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૧૪.૦૭) |
| *૮ | શુક્ર | ૨૮ | શત. | દુર્ગાષ્ટમી, પંચક, શનિ માર્ગી ૯.૨૩ |
| ૯ | શનિ | ૨૯ | પૂ. ભા. | હરિ જયંતી, બુધ માર્ગી ૨૩.૧૦ (ચંદ્ર-મીન : ૨૦.૩૪) |
| *૧૦ | રવિ | ૩૦ | ઉ. ભા. | પંચક |
| ૧૧ | સોમ | ૧ | રેવતિ | ડિસેમ્બર : મોક્ષદા એકાદશી (રાજગરો), ગીતા જયંતી, પંચક સ. (ચંદ્ર-મેષ : ૨૩.૧૮) |
| ૧૨ | મંગળ | ૨ | અશ્વિની | અખંડ/વૈકુંઠ દ્વાદશી, મંગળ અશ્વિની, અમૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૨૦.૫૩, ભૌમ પ્રદોષ, સૂર્ય જ્યેષ્ઠામાં ૨૫.૧૫ |
| ૧૩ | બુધ | ૩ | ભરણી | – (ચંદ્ર-વૃષભ : ૨૩.૧૫) |
| ૧૪ | ગુરૂ | ૪ | કૃતિકા | પૂર્ણિમા ક્ષય તિથિ, વ્રતની પૂનમ, શ્રીનાથજીનો છપ્પન ભોગ, બહુચરાજીનો મેળો, શ્રી દત્તાત્રય જયંતી, ગોપ માસ સ. |

વેરમાં હંમેશા વાંધો હોય છે, જયારે સ્નેહમાં કે પ્રેમમાં હંમેશા સાંધો હોય છે.

## શુભેચ્છક

# હરક્યુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્ક્સ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે ‘ક્રોશેલ-૪૭૦’ એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

✤ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી)
ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
✤ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન
વગર આધુનિક પદ્ધતિથી થશે.



✤ ઝામર, રેટિના (પડદા)ના
નિષ્ણાત ડૉક્ટર મળશે.
✤ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
✤ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં,૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૦૦૯૪૧૫૨

સમય : સવારે ૧૦ થી ૮ રાત્રે સુધી

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



ડાયાબિટીસ અને ઝામર ના પેશન્ટો
માટે લેટેસ્ટ ટોપકોન,
ઓ.સી.ટી. (આંખો માટે સીટી સ્કેન)
મશીન હવે ઓક્યુલસ આઈ હોસ્પીટલ
માં ઉપલબ્ધ

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઇ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - સંપાદક


**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org



**જાહેરાતના દરો**

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-



**શ્રી અનાવિલ સમાજ, મુંબઈ**

હોસ્ટેલ વીક્રમ સોસાયટી, ઓરા ડાયમંડ ફેકટરીની સામે,

અશોક ચક્રવર્તી રોડ, કાંદીવલી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.